



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**'ઘણું જીવો મારા સાહેબજી**
**લ્યો જીવન અર્પણ મન...'**

ભજનની આ પંક્તિ પર ચિંતન ચાલ્યું.
ઘણું જીવો... હે સાહેબજી ! આપ બ્રહ્મસ્વરૂપ
આપ અક્ષરપુરુષોત્તમ સાકાર પ્રગટ ને પ્રત્યક્ષ
આપે અમને સ્વીકાર્યા, પોતાના કર્યા, હૃદયે ચાંપ્યા
અધ્યાત્મપંથે ચલાવી, નિર્ગુણ કરવા સંકલ્પ કર્યા
ગુણાતીતે બ્રહ્મવિદ્યા ભણાવી... તમારા શરણે સ્થાપ્યા
યોગીબાપાએ આ રહસ્ય છતું કરીને આજ્ઞા કરી
*'જશુભાઈસાહેબની આજ્ઞામાં રહેજો... અલૌકિક પુરુષ છે'*
આપના સંકલ્પે ને અનુગ્રહે અમે સાધનામાર્ગે ચાલ્યા
તે દિવસથી આજ સુધી આપ અમારા આતમે બિરાજ્યા છો
આજે આપની દિવ્ય ચેતના અમ સૌમાં પ્રકાશે છે
પ્રતિપળ ઉન્નત પ્રયાણ કરાવે છે આતમ શુદ્ધ કરે છે
તે ચેતનાનો સંચાર સદાય જીવંત રહો... ઘણું જીવો
અનંત કાળ સુધી... શાશ્વત... શ્રીજીસ્વરૂપે એકાકાર થઈએ
અહં-મમત્વ ઓગળી જાય ને બ્રહ્મરૂપે વર્તતું થાય
અમે નિરાકાર આપ સાકારમાં એકાકાર થાય
ત્યાં સુધી અમ આતમે જીવંત રહો... ઘણું જીવો
હે સાહેબજી ! આપ આજે આ સ્વરૂપે માનવરૂપે
આગળ પણ માનવરૂપમાં બ્રહ્મસ્વરૂપે અમને આગળ લીધા
તમે અમારા છો... મારા છો, હું તમારો... અમે આપના
તે આત્મબંધન સદા કાળ સમજમાં ચેતનવંતું રાખીએ
ને તે રાખી સઘળું જીવન પ્રતિપળ જીવતા રહીએ
તે અમે તમારા તમે અમારા માન્યું ગણાશે.
લ્યો જીવન અર્પણ મન...

આપે અમ સૌના આતમ પર દૃષ્ટિ કરી સ્વીકાર્યા
તે દિવસે અમે આપને જીવન ને મન સોંપ્યાં
હવે તે જીવનની પ્રત્યેક ક્રિયા... વર્તન... વિચાર
આપને ગમે તે રીતે જ થાય
આપને કેવળ રાજી કરવાના ભાવ ને હેતુથી થાય
અમારું મન પણ આપને સોંપ્યું, અર્પણ કર્યું
હવે મન અમને છેતરી ન જાય, પાછું અમારું ન થાય
આપની આજ્ઞાના આકારે સદા પ્રવૃત્ત રહે
આપની અનુવૃત્તિ ને અભિપ્રાય પ્રગટી જાય
ત્યાં સધી આપના આકારે થઈ ભક્તિ કરતું રહે
તેવું જાગ્રતતાનું અમે જીવન જીવીએ
તે મન સોંપ્યું.... તે જીવન અર્પણ કર્યું.



હે દયાળુ પ્રભુ પરમ !
આપ અમને યોગીરૂપે મળ્યા
સાહેબ સ્વરૂપે પ્રગટ પ્રત્યક્ષ રહ્યા
હવે અમારાં જીવન નિર્ગુણ બને
અમારાં મન-બુદ્ધિ પવિત્ર બને
સદા કાળ આપનાં ચિંતવન કરે
આપે સોંપેલા ક્રિયાયોગે મંડ્યાં રહે
તે માટે બળ દ્યો ! અને હા...
તેમાં સંપ એકતા સુહૃદભાવ સાથે
સૌ મુક્તો ભક્તોનો મહિમા સદા જીવંત રહે
તે કૃપા કરો... અમને નિરાકાર કરો...
અમ આતમે આપ સાકાર રહો
દિવ્ય તેજે ઝળહળો !

◆

બ્રહ્મજ્યોતિ, ૧૮.૩.૨૦૧૮